# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 22-04-2024 Morning : 7.45 to 7.55
Day : Monday National News

## આકાશવાણી સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.

**************************************************

- લોકસભાની બીજા તબક્કાની ચુંટણી માટેનો જાહેરપ્રચાર ચરમસીમાએ પહોંચ્યો છે - રાજકીય પક્ષોના નેતાઓ તેમના ઉમેદવારોના સમર્થનમાં રેલીઓ અને રોડ શો યોજીને મતદારોને રીઝવવાના તમામ પ્રયાસો કરી રહ્યા છે
- ગુજરાતની લોકસભાની 26 બેઠકો અને રાજ્ય વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકોની પેટાચૂંટણી માટે ભરાયેલા ઉમેદવારીપત્રો પરત ખેંચવાનો આજે અંતિમ દિવસ
- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે રાષ્ટ્રપતિ ભવન ખાતે પદ્મ પુરસ્કારો અર્પણ કરશે
- દક્ષિણ ગાઝા શહેર રાફા પર રાત્રિ દરમ્યાન કરાયેલા ઇઝરાયેલના હુમલામાં 18 બાળકો સહિત 22 લોકો માર્યા ગયા છે
- હવામાન વિભાગે દેશના પૂર્વીય વિસ્તારોમાં આગામી ચાર દિવસ સુધી તીવ્ર ગરમીની સ્થિતિ ચાલુ રહેવાની આગાહી કરી છે.
- પ્રિયંકા ગોસ્વામી અને અક્ષદીપસિંહે મેરેથોન રેસ વોક મિક્સ્ડ રિલે ઇવેન્ટમાં ભારત માટે પેરિસ 2024 ઓલિમ્પિક ક્વોટા મેળવ્યો છે

*******************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# CAMPAIGNING

લોકસભાના બીજા તબક્કાના પ્રચાર માટે હવે માત્ર ત્રણ દિવસ બાકી છે. દરમિયાન રાજકીય પક્ષોના નેતાઓ તેમના ઉમેદવારોના સમર્થનમાં રેલીઓ અને રોડ શો યોજીને મતદારોને રીઝવવાના તમામ પ્રયાસો કરી રહ્યા છે.

બીજા તબક્કામાં કેરળમાં 20, કર્ણાટકમાં 14, રાજસ્થાનમાં 13, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રમાં આઠ-આઠ, મધ્યપ્રદેશમાં સાત, આસામ અને બિહારમાં પાંચ-પાંચ, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢમાં ત્રણ-ત્રણ તથા ત્રિપુરા અને જમ્મુ - કાશ્મીરમાં એક-એક બેઠક પર 26 એપ્રિલે મતદાન થશે.

દરમ્યાન ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે રાજસ્થાનના જાલોર અને બાંસવાડામાં ચૂંટણી રેલીને સંબોધી હતી. તેમણે કહ્યું કે, દેશને એવી સરકારની જરૂર છે જે ભવિષ્યની જરૂરિયાતો અનુસાર પાયાની સુવિધાઓ વિકસાવી શકે, યુવાનોના સપનાને સમજી શકે અને તેના અનુસાર નીતિઓ તૈયાર કરી શકે.

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહે પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં સિલિગુડી, નરસિંહપુરમાં એક જાહેર સભામાં કહ્યું કે સંદેશખાલીએ સાબિત કરી દીધું છે કે પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જી સરકારમાં મહિલાઓ સુરક્ષિત નથી. તેમણે આરોપ લગાવ્યોકે NRCના મુદ્દે મુખ્યમંત્રી પ્રવાસી મજૂરોને ગેરમાર્ગે દોરી રહ્યા છે.

.......2.......

જ્યારે ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે ગઇકાલે કટિહારમાં એક જાહેર સભામાં કોંગ્રેસ અને આરજેડીના નેતૃત્વમાં મહાગઠબંધન પર આરોપ લગાવ્યો કે બિહારને જંગલરાજના યુગમાં પાછા લઈ જવા માંગે છે. કેન્દ્રીય મંત્રી અનુરાગસિંહ ઠાકુરે જલંધરમાં એક પત્રકાર પરિષદમાં કોંગ્રેસ પાર્ટી પર બંધારણ બદલવાના મુદ્દે ભ્રમ ફેલાવવાનો આરોપ લગાવ્યો છે. બીજી તરફ, ટીએમસીના વડા મમતા બેનર્જીએ કહ્યું છે કે ભાજપનાને તૃત્વવાળી કેન્દ્ર સરકારે લઘુમતી, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સહિત સામાન્ય લોકોની અવગણના કરી છે. બાલુરઘાટ પર એક જાહેર સભામાં તેમણે  આરોપ લગાવ્યો કે કેન્દ્ર સરકાર રાજ્યને ફંડ આપી રહી નથી.

બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતીએ કહ્યું છે કે ભારતીય જનતા પાર્ટીના કથન અને કાર્યમાં ઘણો તફાવત છે. ગઇકાલે ઉત્તરપ્રદેશના અમરોહા અને ગાઝિયાબાદમાં તેમનીપાર્ટીના ઉમેદવારોના સમર્થનમાં એક ચૂંટણી રેલીને સંબોધતા તેમણે કહ્યું હતું કે આ ચૂંટણીમાં ભાજપની ગેરંટી કોઈ કામની નથી. પૂર્વ કેન્દ્રીય મંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી. ચિદમ્બરમે તિરુવનંતપુરમમાં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે જો INDIA ગઠબંધન કેન્દ્રમાં સત્તા પર આવશે તો સર્વોચ્ચ અદાલત દ્વારા સ્થાપિત કાયદાકીય સિદ્ધાંતને લાગુ કરવા માટે એક વિશેષ કાયદો બનાવવામાંઆવશે કે જામીન એ નિયમ છે અને જેલ અપવાદ છે.

# PM-ALIGARH-RALLY-(FOR-MORNING)

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તરપ્રદેશના અલીગઢમાં ચૂંટણી રેલીને સંબોધશે. અલીગઢ સંસદીય ક્ષેત્રમાં બીજા તબક્કામાં 26 એપ્રિલે મતદાન થશે. આ બેઠક પર વર્તમાન સાંસદ અને ભાજપના ઉમેદવાર સતીશ ગૌતમ, સમાજવાદી પાર્ટીના ચૌધરી બિજેન્દ્ર સિંહ અને બહુજન સમાજ પાર્ટીના ઉમેદવાર હિતેન્દ્ર કુમાર વચ્ચે મુકાબલો છે.

# ELECTION 3RD PHASE

ગુજરાતમાં આગામી લોકસભાની 26 બેઠકો અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકોની પેટાચૂંટણી માટે ઉમેદવારી પત્રો આજે બપોરે ત્રણ વાગ્યા સુધી પરત ખેંચી શકાશે. આજે રાજ્યનું ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઇ જશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉમેદવારી પત્રો ભરવાની અંતિમ તારીખે લોકસભાની 26 બેઠકો માટે 492 અને વિધાનસભાની પાંચ બેઠકો માટે 39 ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભર્યા હતા. આગામી સાતમી મે ના રોજ મતદાન થશે. ત્રીજાતબક્કામાં 10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોની 94 લોકસભાની બેઠકો છે.

# ELECTION 3RD PHASE

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કા માટે ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા શુક્રવારે સમાપ્ત થઈ છે. ત્રીજા તબક્કામાં 10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોની 94 લોકસભાની બેઠકો માટે આગામી મહિનાની 7મી તારીખે મતદાન યોજાશે. આજે ઉમેદવારી પરત ખેંચવાનો છેલ્લો દિવસ છે.

દરમિયાન, લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા ચાલી રહી છે. આ તબક્કામાં જમ્મુ અને કાશ્મીર સહિતના નવ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આવેલી 96 લોકસભા બેઠકો માટે આગામી 13મી મેના રોજ મતદાન થશે. આ તબક્કા માટે આ મહિનાની 25મી તારીખ સુધી ઉમેદવારીપત્ર ભરી શકાશે..

# CONGRESS-LIST

કોંગ્રેસે લોકસભા ચૂંટણી માટે 11 ઉમેદવારોની વધુ એક યાદી જાહેર કરી છે. પાર્ટીએ  ઝારખંડની રાંચી લોકસભા બેઠકથી યશસ્વિની સહાયને ટિકિટ આપી છે. આ સાથે ગોડ્ડા બેઠક પરથી અગાઉ જાહેર કરાયેલ ઉમેદવાર દીપિકા પાંડેના સ્થાને પ્રદીપ યાદવને ટિકિટ આપવામાં આવી છે.

આ યાદીમાં આંધ્રપ્રદેશના નવ ઉમેદવારોના નામ સામેલ છે. વલ્લરુ ભાર્ગવ વિજયવાડા લોકસભા બેઠક પરથી અને પેદાદા પરમેશ્વરાવ શ્રીકાકુલમ બેઠક પરથી ચૂંટણી લડશે.

# PREZ-PADMA-AWARDS.rtf

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે રાષ્ટ્રપતિ ભવન ખાતે પદ્મ પુરસ્કારો અર્પણ કરશે. પૂર્વ ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુને પદ્મ વિભૂષણ એનાયત કરવામાં આવશે, આ ઉપરાંત ડૉ.બિંદેશ્વર પાઠકને મરણોત્તર પદ્મ વિભૂષણ એનાયત કરવામાં આવશે. અભિનેતા મિથુન ચક્રવર્તી અને ગાયિકા ઉષા ઉથુપને પદ્મ ભૂષણથી નવાજવામાં આવશે. સામાજિક કાર્યકર ડૉ.સીતારામ જિંદાલ, હૃદયરોગ નિષ્ણાંત ડૉ. તેજસ પટેલ અને ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ રાજ્યપાલ રામ નાઈકને પણ પદ્મ ભૂષણ એનાયત કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ગુજરાતના જાણીતા તબીબ તેજસ પટેલની પદ્મ ભૂષણ, જ્યારે રઘુવીર ચૌધરી, યઝદી માણેક શા ઇટાલયા, હરીશ નાયક મરણોત્તર, દયાળ માવજીભાઈ પરમાર અને જગદીશ ત્રિવેદીને પદ્મ શ્રી પુરસ્કાર જાહેર થયા છે. પદ્મ પુરસ્કારો દેશના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારો છે અને તે ત્રણ શ્રેણીઓમાં આપવામાં આવે છે. પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ અને પદ્મ શ્રી. આ પુરસ્કારો દર વર્ષે ગણતંત્ર દિવસ પર જાહેર કરવામાં આવે છે.

# NT.-ISRAEL—AIRSTRIKE

દક્ષિણ ગાઝા શહેર રાફા પર રાત્રિ દરમ્યાન કરાયેલા ઇઝરાયેલના હુમલામાં 18 બાળકો સહિત 22 લોકો માર્યા ગયા હતા. પેલેસ્ટાઇનના આરોગ્ય અધિકારીઓએ ગઈકાલે જણાવ્યું હતું કે રાફામાં પ્રથમ ઇઝરાયેલી હુમલામાં એક માણસ, તેની પત્ની અને તેમના નાના બાળકનું મૃત્યુ થયું હતું. બીજા હુમલામાં મોટા પરિવારના 17 બાળકો અને બે મહિલાઓના મોત થયા હતા.

આ હુમલાઓના થોડા કલાકો પહેલા અમેરિકી પ્રતિનિધિ સભાએ શનિવારે ઇઝરાયેલને 26 અબજ 30 કરોડ ડોલરની સહાયને મંજૂરી આપી હતી. ઈઝરાયેલ લગભગ દરરોજ રાફા પર હવાઈ હુમલાઓ કરે છે. ગાઝાના 23 લાખ રહેવાસીઓમાંથી અડધાથી વધુ લોકોએ રાફામાં આશરો લીધો છે. દક્ષિણ ગાઝામાં તાજેતરના હુમલા એવા સમયે થયા છે જ્યારે ઇઝરાયેલ-હમાસ સંઘર્ષમાં 34 હજારથી વધુ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે.

# CDS France

ભારતીય સંરક્ષણ દળોના વડા જનરલ અનિલ ચૌહાણ ફ્રાંસની સત્તાવાર મુલાકાતે છે. આ મુલાકાતનો ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચેના સંરક્ષણ સંબંધોને વધુ મજબૂત કરવાનો છે. આ દરમિયાન જનરલ અનિલ ચૌહાણ ફ્રાન્સના વરિષ્ઠ નાગરિક અને સૈન્ય અધિકારીઓ સાથે મુલાકાત કરશે. તેઓ ફ્રાન્સના સંરક્ષણ વડા જનરલ થિયરી બર્કહાર્ટને પણ મળશે.

સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું છે કે જનરલ ચૌહાણ ફ્રાન્સ સ્પેસ કમાન્ડ અને લેન્ડ ફોર્સિસની મુલાકાત લેશે અને મિલિટરી સ્કૂલમાં આર્મી અને જોઈન્ટ ફોર્સકોર્સના વિદ્યાર્થી અધિકારીઓને સંબોધિત કરશે. તેઓ ફ્રાન્સના કેટલાક પ્રતિષ્ઠિત સંરક્ષણ ઉદ્યોગોની પણ મુલાકાત લેશે. જનરલ ચૌહાણ વિલર્સ-ગુઇસ્લેન ખાતે ન્યુવે ચેપલ મેમોરિયલ અને ભારતીય સ્મારકની પણ મુલાકાત લેશે અને પ્રથમ વિશ્વ યુદ્ધ દરમિયાન સર્વોચ્ચ બલિદાન આપનાર બહાદુર ભારતીય સૈનિકોને પુષ્પાંજલિ અર્પણ કરશે.

# IMD-WEATHER

દેશના પૂર્વીય ભાગોમાં આગામી ચાર દિવસ સુધી તીવ્ર ગરમીનું મોજું યથાવત રહેશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ઓડિશા, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, બિહાર અને ઉત્તરપ્રદેશમાં આગામી ચાર દિવસ સુધી ગરમીની સ્થિતિ સામાન્ય રહેશે.

હવામાન વિભાગે જણાવ્યું છે કે પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ, તમિલનાડુ, પુડુચેરી, કર્ણાટક અને કેરળમાં આ મહિનાની 25મી તારીખ સુધી હવામાન ગરમ અને ભેજવાળું રહેશે.દરમિયાન આગામી ત્રણ દિવસમાં ઉત્તર-પૂર્વ અને અન્ય આસપાસના ભાગોમાં ભારે વરસાદ અને તોફાની પવન ફૂંકાશે. અરુણાચલપ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મિઝોરમ, મણિપુર, સિક્કિમ, ત્રિપુરા અને પશ્ચિમ બંગાળમાં બુધવાર સુધી આ સ્થિતિ યથાવત રહી શકે છે.

જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વરસાદ, હિમવર્ષા અને ભારે પવનની સંભાવના છે. રાજસ્થાન અને ઉત્તરપ્રદેશમાં વરસાદ સાથે પવન ફૂંકાઈ શકે છે. મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને છત્તીસગઢમાં આગામી બે દિવસમાં પવનો અને હળવા ઝરમર વરસાદની શક્યતા છે. બુધવાર સુધી તમિલનાડુ, કેરળ, કર્ણાટક અને પુડુચેરી, આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં લગભગ સમાન સ્થિતિની અપેક્ષા છે.

# WORLD-ATHLETICS--OLYMPIC-QUOTA

પ્રિયંકા ગોસ્વામી અને અક્ષદીપ સિંહે મેરેથોન રેસ વોક મિક્સ્ડ રિલે ઇવેન્ટમાં ભારત માટે પેરિસ 2024 ઓલિમ્પિક ક્વોટા મેળવ્યો છે. ભારતીય જોડીએ ગઇકાલે તુર્કીના અંતાલ્યામાં વિશ્વ એથ્લેટિક્સ રેસ વોકિંગ ટીમ ચેમ્પિયનશિપ 2024માં 18મું સ્થાન મેળવ્યા બાદ ઓલિમ્પિકમાં સ્થાન મેળવ્યું હતું.